પૂર્વછાયો- ત્યાર પછી જે જે કર્યું, કહું સાંભળજયો સહુ સંત ।
થોડે ઘણે દને કરી, રૂડો વરત્યો ઋતુ વસંત ॥૧॥
સુંદરિયાણે શિરોમણિ, સતસંગી શેઠ સુજાણ ।
જક્ત વિરક્ત ભક્ત ભલા, કરૂં તેનાં શું હું વખાણ ॥૨॥

ચોપાઇ- ધન્ય ભક્ત જક્તથી ઉદાસી, ત્રોડી સહુશું ભજ્યા અવિનાશી ।
એવી સાચી ભગતી સાંભળી, સર્વે સગાં કુટુંબી ઉઠ્યાં બળી ॥૩॥
કહે આપણે વૈષ્ણવી જન, કરીયે વલ્લભ કુળનું ભજન ।
તેહમાંહિ તે ન્યૂન શું દિઠું, જે નવા ધર્મમાં મન બેઠું ॥૪॥
પછી સતસંગી બોલ્યા છે તૈયે, નવો ધર્મ એને કેમ કહીયે ।
એતો ધર્મ છે જુનો અનાદ્ય, સહુ વર્તે છે શાસ્ત્રમર્યાદ ॥૫॥
આપણાનું તો નથી ઠેકાણું, તમે જાણો ને હું પણ જાણું ।
કામ ક્રોધ લોભ મોહ વળી, તેણે સહુને મૂક્યા છે ગળી ॥૬॥
ગીતામાં જે કહ્યાં નરકદ્વાર, તેમાં વરતે એ તદાકાર ।
માટે એમાં તે કાંઇ ન દીઠું, ત્યારે સત્સંગમાં મન બેઠું ॥૭॥
એવું સાંભળી સગાં કુટુંબ, સર્વે મળીને ખાધા છે સમ ।
એને આપણે નહિ વેવાર, આજથી એ કરો નાત્ય બહાર ॥૮॥
તેને વીતિ ગયાં ષટ વર્ષ, તોય મેલ્યો નહિ અમરષ ।
ગયા સુધામે તેહનો તાત, ત્યારે ન તેડિ નોતરે નાત ॥૯॥
પછી આવ્યા છે પ્રભુજી પાસ, શેઠ વનો પુંજો હરિદાસ ।

આવી કરી હરિને વિનતિ, પ્રભુ પધારિયે પ્રાણપતિ ॥૧૦॥
સર્વે સંગ લઈ મુનિ સાથ, સખા સહિત પધારિયે નાથ ।
પછી સંત સંગે લઈ શ્યામ, હરિ આવ્યા સુંદરિયાણે ગામ ॥૧૧॥
સર્વે અયોધ્યાવાસી છે સંગે, પ્રભુ પધાર્યા અતિ ઉમંગે ।
ગાતે વાતે તેડી લાવ્યા ઘેર, કરી સેવા સારી બહુપેર ॥૧૨॥
સુંદર ભોજન વ્યંજન કરી, અતિ હેતે જમાડિયા હરિ ।
પછી મોતૈયા મોદક લઈ, નાથે જન જમાડિયા જઈ ॥૧૩॥
બહુ બહુ કરી મનુવાર, ફર્યા પંગત્યમાં પંચવાર ।
એમ નિત્યે જમાડે છે નાથ, જમે જન તે હરિને હાથ ॥૧૪॥
બહુ બહુ દિયે દરશન, અતિ અલબેલો છે પ્રસન્ન ।
બહુ પ્રશ્ન ને ઉત્તર થાય, સંત રમે રાસ ગીત ગાય ॥૧૫॥
પછી આવી વસંત પંચમી, સુખદાયક સહુને ગમી ।
લાવ્યા રંગ સો રંગ ગુલાલ, લઈ ત્રાંસળી ઉઠીયા લાલ ॥૧૬॥
નાખે રંગ રમે સખા સાથ, અતિ આપે રંગાણા છે નાથ ।
પછી લઈ ગુલાલની ઝોળી, ફેંકે ફાંટું રમે હરિ હોળી ॥૧૭॥
રંગે રમીને આવ્યા ઉતારે, આપ્યાં વસ્ત્ર જનને તે વારે ।
આપે જમીને જન જમાડ્યા, અતિ દાસને હર્ષ પમાડ્યા ॥૧૮॥
એમ ઉત્સવ કરી દયાળ, આવ્યા મહારાજ તે ભેંશજાળ ।
રહી રાત્ય પધારિયા શ્યામ, આવ્યા નાગડકે લોયે ગામ ॥૧૯॥
ત્યાંથી બોટાદ આવ્યા બહુનામી, જમ્યા સંત પોતે વળી સ્વામી ।
પછી આવ્યા ગઢડે ગોવિંદ, આપી સહુ જનને આનંદ ॥૨૦॥
ત્યાર પછી થોડે ઘણે દન, ચાલ્યા ગુર્જરદેશે જીવન ।
કરી મજલે મજલે મુકામ, ચાલ્યા સુખમાં સુંદર શ્યામ ॥૨૧॥
આવ્યા અમદાવાદ દયાળ, સંગે જન સમૂહ મરાળ ।
આવ્યા સત્સંગી સહુ સમૈયે, બની શોભા જાય નહિ કૈયે ॥૨૨॥
બહુવિધનાં વાજાં ત્યાં વાજે, આવ્યાં લોક દરશન કાજે ।
ચારે આશ્રમ ને વર્ણ ચાર, આવ્યાં દરશને નર નાર ॥૨૩॥

ગાતેવાતે પધાર્યા મહારાજ, કૈક જનનાં કરવા કાજ ।
આવી ઉતર્યા મંદિરમાંઈ, નરનારાયણ રાજે ત્યાંઈ ॥૨૪॥
સતસંગી સાંખ્યયોગી સંત, ઉતર્યા ભક્ત ને ભગવંત ।
કર્યાં સુંદર સારાં ભોજન, જમ્યા જનને ભાવે જીવન ॥૨૫॥
પછી પોઢિયા જીવનપ્રાણ, જાગ્યા સુખે સવારે સુજાણ ।
જાગ્યા પ્રભુજી પ્રભાત કાળે, કર્યો નિત્યવિધિ ત્યાં દયાળે ॥૨૬॥
પછી ચોતરે પાટ ઢળાવી, તેહ ઉપર બેઠા છે આવી ।
જોયું અમૃતદૃષ્ટિએ આપ, હર્યા જનતણા તન તાપ ॥૨૭॥
પછી જન પ્રભુપૂજા કાજ, લાવિયા બહુવિધ સમાજ ।
તેણે પૂજીયા પ્રાણઆધાર, કંઠે આરોપ્યા સુંદર હાર ॥૨૮॥
ઘેરી સુગંધે ગુલાબફુલ, તોરા ગજરા તેના અમૂલ્ય ।
તે લઈ અર્પ્યા છે હરિને અંગે, પછી પાય લાગ્યા છે ઉમંગે ॥૨૯॥
એમ લીયે લાવો વળી જન, દિયે દન સારો દરશન ।
વળી આવે છે પુરના જન, કરવા કૃપાનિધિનાં દર્શન ॥૩૦॥
કૈક આવીને પુછે છે પ્રશન, તેનો ઉત્તર આપે જીવન ।
સુણી ઉત્તર મગન થાય, પામી આશ્ચર્ય ને ઘેર જાય ॥૩૧॥
એમ લીળા કરે અલબેલો, રંગ રસિયો છેલછબિલો ।
પહેરી વસ્ત્ર અનૂપમ અંગી, શિરપાઘ વસંતિ સોરંગી ॥૩૨॥
એવાં દર્શન દિયે દયાળ, નિર્ખિ મગન જન મરાલ ।
એમ કરતાં સાત દન ગયા, આવ્યો હુતાસની દન તિયાં ॥૩૩॥
પછી મંગાવ્યા રંગ સોરંગ, કેશું કસુંબી રંગ પતંગ ।
લાવ્યા સખા આપ્યો હરિ હાથે, નાથે ઢોળ્યો સહુ સખા માથે ॥૩૪॥
નાખ્યો ઉપરે રંગ ગુલાલ, તેણે સખા થયા સહુ લાલ ।
જેમ ફુલ્યું કમળદળ વળી, તેમ શોભે છે સંતમંડળી ॥૩૫॥
ડોડો કમળ મધ્યે દયાળ, ફરતિ પાંખડી શોભે મરાલ ।
એમ ખેલે સખા સંગે નાથ, નિર્ખિ જન થયા છે સનાથ ॥૩૬॥
વાજે વાજીંત્રા ત્યાં અપાર, બોલે જય સહુ નરનાર ।

પછી નાવાને ચાલિયા નાથ, સર્વે સખા જન લઈ સાથ ॥૩૭॥
નાહી મહારાજ મોટેરે ગયા, દઈ દરશન તર્ત આવિયા ।
આવી બેઠા છે ઉંચે આસન, દિયે સહુ જનને દર્શન ॥૩૮॥
એમ કરતાં વીતિ છે રાત, સુખે પોઢી જાગ્યા પરભાત ।
કરી દાતણ નાહ્યા દયાળ, જમ્યા જન હેતે હરિ થાળ ॥૩૯॥
પછી જમાડીયા જન સોઈ, હતી ઘેબરની તે રસોઈ ।
ફર્યા પંગતમાં પાંચવાર, બહુ બહુ કરી મનુવાર ॥૪૦॥
એમ આનંદે ઉત્સવ કરી, પછી ત્યાંથી પધારિયા હરિ ।
આવ્યા અસલાલીયે મહારાજ, સંગે હરિજન મુનિરાજ ॥૪૧॥
કર્યાં સુંદર સારાં ભોજન, જમ્યા નાથ જમાડીયા જન ।
ધન્ય ધન્ય ભક્ત વેણીભાઈ, જેની પ્રીત અતિ પ્રભુમાંઈ ॥૪૨॥
તેના મનોરથ પૂરા કરી, પછી ત્યાંથકી ચાલિયા હરિ ।
ગામ જેતલપુરમાં જન, ભક્ત આસજી આદિ પાવન ॥૪૩॥
તેને ઘેર પધાર્યા ગોવિંદ, સંગે સખા લઈ જનવૃંદ ।
તિયાં ભક્તે કરાવ્યાં ભોજન, જમ્યા નાથ સાથે સખાજન ॥૪૪॥
પછી સાથે લઈ સર્વે સમાજ, આવ્યા મેમદાવાદ મહારાજ ।
રહિ રાત્ય આવ્યા વરતાલ, કરવા લીળા અલૌકિક લાલ ॥૪૫॥
હતો ઉત્સવ આડો પક્ષ એક, રાખ્યા સંત કરી દયા નેક ।
નિત્ય દિયે દરશન દાન, બહુ ભાવે કરી ભગવાન ॥૪૬॥
થાય પ્રશ્ન ને ઉત્તર અતિ, સુખ આપે સુખમય મૂરતિ ।
કહે જેને મળ્યા ભગવાન, તેને કોઈ ન વ્યાપે વિઘન ॥૪૭॥
જેમ વેજુ વસુધાનું કરે, તેની ચોટ પાછી નવ ફરે ।
તેમ પ્રભુને મળતાં જન, રહેવું સદાય નિઃશંક મન ॥૪૮॥
એવી વાતો કરે બહુબહુ, સુણી મગન થાય જન સહુ ।
પછી આવ્યો ઉત્સવનો દન, આવ્યાં દરશને બહુ જન ॥૪૯॥
રામનવમી ને એકાદશી, કર્યા ઉત્સવ હેતે હુલસી ।
કર્યા વિપ્રે વેદના ઉચ્ચાર, હોમ્યા કુંડે હવિષ્યાન્ન સાર ॥૫૦॥

વેદ વિધિયે ઉત્સવ કરી, આપ્યાં દાન પછી હર્ષ ભરી ।
ઘોડી પલાણ ચર્મ ને અસિ, આપી પાડી સહીત મહિષી ॥૫૧॥
ધેનુ સવત્સિ ઓઢાડી ઝુલ્ય, આપ્યાં વસ્ત્ર કસુંબી અમૂલ્ય ।
સોના દોરો ને પોશ રૂપૈયા, લઇ દ્વિજ રાજી બહુ થયા ॥૫૨॥
એમ ઉત્સવ આનંદે કરી, પછી ત્યાં થકી પધાર્યા હરિ ।
આવ્યા પાંચાળ દેશમાં નાથ, સર્વે લઇ નિજજન સાથ ॥૫૩॥
આવીતી બ્રહ્માનંદને ભાગ, તેહ ઉપાધિ કરાવી ત્યાગ ।
નિરબંધનું બંધન કાપી, નિજ સમીપની સેવા આપી ॥૫૪॥
કર્યા સુખી તે સુખરાશી, ચૈત્રશુદિ સુંદર એકાદશી ।
તેદિ ઉત્સવ કર્યો અવિનાશી, કરી લીળા તે કહી પ્રકાશી ॥૫૫॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્રે
જેતલપુર થઇને વરતાલ પધાર્યા ને ત્યાં રામનવમીનો ઉત્સવ કર્યો એ
નામે અઠ્ઠાણુંમું પ્રકરણમ્ ॥૯૮॥